# આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદની બે દિવસીય પ્રાદેશિક કમિટીની બેઠકનો પ્રારંભ

કેન્દ્રિય કૃષિ રાજય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના કિસાનોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી થાય તે માટે કૃષિ ક્ષેત્રે કરવામાં આવતા પ્રયોગો-સંશોધનો કિસાનો સુધી પહોંચાડવાનો અનુરોધ કર્યો હતો.

કેન્દ્રિય કૃષિ રાજય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ કિસાનોની આવક બમણી કરવા માટે કૃષિ વિભાગની અહમ ભૂમિકા રહેલી છે. ત્યારે કૃષિ ક્ષેત્રે સંકળાયેલ કૃષિ વૈજ્ઞાનિકોએ જેમ દેશમાં હરીત અને શ્વેત ક્રાંતિ આવી હતી તેમ કિસાનોની આવક બમણી કરવાના કામને ધરતી સાથે જોડવું પડશે તેમ જણાવી કૃષિ ક્ષેત્રે કરવામાં આવતાં પ્રયોગો-સંશોધનોની સફળતા-નિષ્ફળતાની પણ ચર્ચા કરવાની જરૂરિયાત જણાવી હતી.

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી, આણંદ કૃષિ યુનિવર્સિટી અને સીએઝેડઆરઆઇ, જોધપુરના સંયુકત ઉપક્રમે યોજાયેલ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદની બે દિવસીય પ્રાદેશિક કમિટીની બેઠકનો પ્રારંભ કરાવતાં શ્રી રૂપાલાએ કૃષિ નીતિના કારણે આજે દેશ વિશ્વમાં કૃષિ ક્ષેત્રે અગ્રેસર તરફ આગળ વધી રહ્યો છે ત્યારે વિશ્વના દેશો સાથે તાદાત્મય કેળવવાની પણ જરૂરિયાત જણાવી હતી.

શ્રી રૂપાલાએ આજે કેન્દ્ર સરકારની કૃષિ તરફ દ્રષ્ટિ આપવાના કારણોસરઆજે કિસાનોને પદ્મશ્રી એવોર્ડ મળી રહ્યો છે જે કેન્દ્ર સરકારની કૃષિ પ્રત્યેની બદલાવ લાવવાની નીતિને આભારી છે તેમ કહ્યું હતું.

શ્રી રૂપાલાએ ક્રોપીંગ પેટર્નમાં બદલાવ આવ્યો છે તેવા સંજોગોમાં કિસાનોની જમીનની ફળદ્રુપતાની સાથે જમીનને અનુકૂળ પાક લેવા માટે પ્રેરિત કરવાની જરૂરિયાત સમજાવી કિસાનો સુધી તેની જાણકારી પહોંચાડવાની સાથે નાના-સીમાંત ખેડૂતો કે જેઓની પાસે જમીન ઓછી છે તેઓ તેમની જમીનમાં કેવી રીતે પાક ઉત્પાદન વધારી શકે તે માટે માર્ગદર્શન આપવાનું જણાવી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા કિસાનોના ઉત્થાન માટે વાર્ષિક રૂા.૬૦૦૦/- સીધા કિસાનોના ખાતામાં જમા કરવા માટે મૂકવામાં આવેલ યોજનાની જાણકારી આપી હતી.

શ્રી રૂપાલાએ કિસાનોની આવક વર્ષ-૨૦૨૨ સુધીમાં બમણી કરવાની યોજના સરકારનો કોઇ ચૂંટણી વાયદો નથી પણ સરકારની નીતિ રહી છે કે કિસાનો આર્થિક રીતે સમૃધ્ધ થાય અને તેઓની આવક બમણી થાય તે માટેનો નિર્ધાર છે તેમ જણાવ્યું હતું.

રાજયના કૃષિ રાજય મંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમારે રાજય સરકારના કૃષિ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ કામગીરીની રૂપરેખા આપી આધુનિક તાંત્રિકતાઓનો વિકાસ કરીને તેને કિસાનો સુધી પહોંચાડવાની કામગીરી રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના સંવેદનશીલ નેતૃત્વ હેઠળ કામગીરી કરી રહી હોવાનું જણાવી જૈવિક ખેતી માટેની નીતિ અપનાવીને ગુજરાત દેશમાં ૧૦મું રાજય બન્યું હોવાનું કહ્યું હતું.

શ્રી પરમારે મશરૂમ-મધમાખી પાલન તેમજ પરંપરાગત રીન્યુઅબલ એનર્જી, મૂલ્યવર્ધન પર ધ્યાન કેન્દ્રિત કરવાનીજરૂરિયાત જણાવી રાજય સરકારે કૃષિ ક્ષેત્રે મેળવેલ વિવિધ એવોર્ડની જાણકારી આપી હતી.

શ્રી પરમારે બાયોફર્ટીલાઇઝર, જૈવિક નિયંત્રણ ક્ષેત્રે પણ ગુજરાતના કૃષિ વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીની સાથે કિસાનોને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવાનું જણાવી આવા વિચાર-મંથનો થકી નવી નીતિઓના નિર્ધારણ થકી ખેડૂતોની આવક બમણી કરવામાં લાભદાયી પૂરવાર થશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

સચિવશ્રી, ડીપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ એન્ડ એજયુકેશન તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના ડાયરેકટર જનરલ ડૉ. ટી. મોહપાત્રાએ જલવાયુમાં જે પરિવર્તન આવ્યું છે તેની પાક પર અસર ન થાય તે માટે તથા જે ઉપાયો સુચવવામાં આવે છે તેનો ઉપયોગ કરવાથી તેના શું લાભા-લાભ છે તેની વિગતો એકત્ર કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂકયો હતો.

શ્રી મોહપાત્રાએ જમીનના પૃથ્થકરણ સહિત કિસાનોની આવક વધે તે માટે નવી ટેકનોલોજી કિસાનો સુધી પહોંચાડવાની સાથે વોટર રીચાર્જિંગની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. તેમણે કેન્દ્ર-રાજય સરકાર સાથે ચર્ચા કરી કિસાનોની સમસ્યા અને તેનું સમાધાન કરવા માટે આવી બેઠકોમાંથી મળે છે જેના કારણે કૃષિ ક્ષેત્રે ગુણાત્મક સુધારાઓ લાવી શકાય છે તેમ જણાવી ગુજરાતે કૃષિ ક્ષેત્રે કરેલ કામગીરીને બિરદાવી હતી.

રાજયના કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી સંજયપ્રસાદએ સેન્દ્રિય, ઓર્ગેનીક અને ઝીરો બજેટ ખેતી તરફ પ્રેરાય તે માટે કિસાનોને જાગૃત કરવાની સાથોસાથ કિસાનો જમીનની ફળદ્રુપતા અનુસાર પાકનું આયોજન કરે તે માટે શિક્ષિત કરવાની જરૂરિયાત જણાવી હતી.

શ્રી પ્રસાદે કિસાનોની ખેત પેદાશોમાં ઓછો ઉત્પાદન ખર્ચ આવે અને વધુ ઉપજ મેળવતા થાય તે માટે પ્રયાસો કરવાની જરૂરિયાત જણાવી સંશોધન-વિસ્તરણ મહત્વનું યોગદાન આપી શકે છે તેમ કહ્યું હતું. તેમણે કિસાનોને વિસ્તારવાર પાક ઉત્પાદન માટે તેમજ સેટેલાઇટ મોબાઇલના માધ્યમથી કેવી રીતે કૃષિલક્ષી જાણકારી મેળવીશકાય તે માટેના પ્રયાસો કરવાનું જણાવી ગુજરાત સરકારે કર્ષી વિકાસ અને સંશોધન માટે વિવિધ દેશોની કૃષિ યુનિવર્સિટી સાથે કૃષિલક્ષી આદાન-પ્રદાન કરવામાટે કરવામાં આવેલ વિનિયોની જાણકારી આપી હતી. તેમજ ઘાસચારા અને બાગાયત ખેતીના વિકાસ પર ભાર મૂકયો હતો.

આ પ્રસંગે જૂનાગઢ જિલ્લાના ગાજરની ખેતી કરતાં ૯૬ વર્ષિય કિસાન કે જેઓને તાજેતરમાં પદ્મશ્રી એવોર્ડ પ્રાપ્ત થયો છે તેવા શ્રી વલ્લભભાઇ મારવણિયાનું કેન્દ્રિય કૃષિ રાજય મંત્રી શ્રી પરષોત્તમભાઇ રૂપાલના હસ્તે શાલ ઓઢાડી અને સ્મૃતિચહ્ન આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

પદ્મ શ્રી વલ્લભભાઇએ આ પ્રસંગે પોતાનો પ્રતિભાવ આપતાં પોતે કેવી રીતે ગાજરની ખેતી કરી હતી તેની વિગતો ઉજાગર કરી હતી.

આ પ્રસંગે કેન્દ્રિય કૃષિ રાજય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલના હસ્તે જૈવિક ખેતી-નિયંત્રણ, મિશ્ર પાક, ટીસ્યુ કલ્ચર, અનાજ સંગ્રહ, પશુ આહાર, ડેરી વિજ્ઞાન જેવા વિવિધ વિષયોની આવરી લેતી ડીવીડીનું વિમોચન કર્યું હતું.

પ્રારંભમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન. સી. પટેલે સ્વાગત પ્રવચન કરી ગુજરાત સરકાર તરફથી મળી રહેલ સહયોગની વિગતો આપી આણંદની કૃષિ યુનિવર્સિટી દેશની સર્વોચ્ચ ૨૫ યુનિવર્સિટીઓમાં સ્થાન પામે તેવી નેમ વ્યકત કરી હતી. તેમણે આણંદ કૃષિ યુનિવર્સિટીની વિદ્યાડેરી તેમજ શુધ્ધ મધ ઉત્પાદન ક્ષેત્રે કરવામાં આવી રહેલ કામગીરીની વિગતો આપી આ બે દિવસીય બેઠક અવાનારા સમયમાં ખેડૂતો માટે આશીર્વાદરૂપ બનશે તેવી આશા વ્યકત કરી હતી.

આ પ્રસંગે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના ડૉ. કે. અલાગુસુંદરમે બે દિવસીય બેઠકનો હેતુ સમજાવી કૃષિ ક્ષેત્રના પડકારો અને તેના ઉપાયો અને ઉકેલની દિશામાં આવી બેઠકો મહત્વની ભૂમિકા અદા કરતી હોવાનું કહ્યું હતું. અંતમાં મેમ્બર સેક્રેટરી અને સીએઝેડઆરઆઇ, જોધપુરના ડાયરેકટર શ્રી ઓ. પી. યાદવે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ નવી દિલ્હીના ડૉ. બી. પ્રધાન, સુશીલકુમાર પ્રધાન, જિલ્લા અગ્રણી શ્રી મહેશભાઇ પટેલ, મહિલા અગ્રણી શ્રીમતી હંસાકુંવરબા રાજ, આણંદ કૃષિ યુનિવર્સિટીના, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ શ્રી ડૉ. કે. બી. કથિરીયા, વિસ્તરણ અધિકારીશ્રી ડૉ. અરૂણ પટેલ, ગુજરત અને રાજસ્થાનની વિવિધ કૃષિ અને પશુપાલન યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ, ગુજરાત, રાજસ્થાન, દાદરા નગરહવેલી અને દીવ-દમણના કૃષિ વૈજ્ઞાનિકો, સંશોધન નિયામકશ્રીઓ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીઓ સહિત જે તે રાજયોના અને કેન્દ્રિય પ્રદેશોના કૃષિ તેમજ તેને સંલગ્ન વિભાગોના અધિકારીશ્રીઓ અને કિસાનો હાજર રહ્યા હતા.

---------------------

## આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે રૂા. ૨૮૮ લાખના ખર્ચે નવનિર્મિત લેબોરેટરી ફોર માઇક્રોન્યુટ્રીયન્ટ સોઇલ એન્ડ વોટર ટેસ્ટીંગ બિલ્ડીંગનું કેન્દ્રિય કૃષિ રાજય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલના હસ્તે લોકાર્પણ

**આણંદ – સોમવાર ::** આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી, આણંદ કૃષિ યુનિવર્સિટી અને સીએઝેડઆરઆઇ, જોધપુરના સંયુકત ઉપક્રમે યોજાયેલ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદની બે દિવસીય પ્રાદેશિક કમિટીની બેઠકનો પ્રારંભ કરાવતાં પૂર્વે ગુજરાત સરકારની સંપૂર્ણ સહાયથી ૨૨૧૮.૬૮ ચો.મી. રૂા. ૨૮૮ લાખના ખર્ચે નવનિર્મિત લેબોરેટરી ફોર માઇક્રોન્યુટ્રીયન્ટ સોઇલ એન્ડ વોટર ટેસ્ટીંગ બિલ્ડીંગને કેન્દ્રિય કૃષિ રાજય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાએ લોકાર્પણ કર્યું હતું.

આ લેબોરેટરી કિસાનો માટે આશીર્વાદરૂપ સાબિત થશે તેવો કેન્દ્રિય કૃષિ રાજય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલએ વિશ્વાસ વ્યકત કરી લેબોરેટરીની મુલાકાત લઇને પ્રયોગશાળાની કામગીરીની વિગતો મેળવી હતી.

આ લેબોરેટરી ત્રણ માળની બનાવવામાં આવી છે જેમાં સોઇલ સેમ્પલ કલેકશન, પ્રીપેરેશન રૂમ, ગ્રીન, સોલીડ, બાયોવેસ્ટ રૂમ, ડેટા પ્રોસેસીંગ રૂમ,મીટીંગ રૂમ, અકેઝીબીશન હોલ, રેકોર્ડ રૂમ, મીકેનીકલ એન્ડ એન્વારનોમેન્ટલ રૂમ, વોટર પ્યોરીફીકેશન સિસ્ટમ, એનાલીટીકલ પ્રોસેસ રૂમ, સેમ્પલ પ્રીપેરશન રૂમ જેવી આધુનિક સુવિધાઓથી સજજ કરવામાં આવી છે.

આ પ્રસંગે રાજયના કૃષિ રાજય મંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમાર, સચિવશ્રી, ડીપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ એન્ડ એજયુકેશન તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના ડાયરેકટર જનરલ ડૉ. ટી. મોહપાત્રા, રાજયના કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી સંજયપ્રસાદ, આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન. સી. પટેલ, જિલ્લા કલેકટર શ્રી દિલીપ રાણા, જિલ્લા અગ્રણી શ્રી મહેશભાઇ પટેલ, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના ડૉ. કે. અલાગુસુંદરમ, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ નવી દિલ્હીના ડૉ. બી. પ્રધાન, સુશીલકુમાર પ્રધાન સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

------------------------


XXV MEETING OF ICAR REGIONAL COMMITTEE NO. VI
FEBRUARY 4-5, 2019
ANAND AGRICULTURAL UNIVERSITY
ANAND (GUJARAT)
ICAR-Central Arid Zone Research Institute, Jodhpur
INDIAN COUNCIL OF AGRICULTURAL RESEARCH, KRISHI BHAVAN, NEW DELHI
RAJASTHAN
GUJARAT
AAU




ANAND
RAJASTHAN
GUJARAT


Shri Parshottam Rupala



XXV MEETING OF ICAR REGIONAL
FEBRUARY 4-5, 2019
ANAND (GUJARAT)
RAJASTHAN
GUJARAT
DELHI




ICAR REGIONAL COMMITTEE NO. VI
AAU
FEBRUARY 4-5, 2019
AGRICULTURAL UNIVERSITY
DELHI


AAU
સૂક્ષ્મતત્વો, જમીન અને પાણી ચકાસણી પ્રયોગશાળા






ANAND AGRICULTURAL UNIVERSITY
ANAND
LABORATORY FOR MICRONUTRIENT,
SOIL AND WATER TESTING
SHRI PARSHOTTAM RUPALA
SHRI R. C. FALDU




સૂક્ષ્મતત્વો, જમીન અને પાણી ચકાસણી પ્રયોગશાળા
LABORATORY FOR MICRONUTRIENTS, SOIL AND WATER TESTING